بسم اللہ الرحمن الرحیم

# સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.24-11-2017 સ્થળ: બૈતુલ ફુતુહ, લંડન

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝે ફરમાવ્યું :

પાછલા ખુત્બામાં મેં હઝરત મસીહ મૌઉદ અ.સ.ના માધ્યમથી જણાવ્યું હતું કે આપ અ.સ.એ ફરમાવ્યું છે કે જો ઈન્સાન પક્ષપાત થી બચે અને પ્રત્યેક પ્રકારની હઠ થી વિશુદ્ધ થઈ અલ્લાહ તઆલાથી દુઆ કરે, વ્યાકુળ થઈ અલ્લાહ તઆલાથી નમાઝોમાં દુઆ માંગે તો ચાલીસ દિવસ ન વિતશે કે અલ્લાહ તઆલા તેના પર હક ખોલશે. પરંતુ પવિત્ર દિલ હોવું, પ્રત્યેક પ્રકારના પક્ષપાતથી વિશુદ્ધ હોવું આ ખુબ જરૂરી છે. નહીતર આપે આ પણ ફરમાવ્યું કે જે લોકો દિલમાં દ્વેષ રાખે, ક્રોધ રાખે અથવા નેક અને પવિત્ર સોચ ન રાખે, તે હંમેશા આ જ કહેશે કે અમોને અલ્લાહ તઆલાએ સ્વપ્નમાં માર્ગદર્શન ન આપ્યું અથવા આપની વિરૂદ્ધ જણાવ્યું. જે પાક દિલ થઈ એવું કરે છે તે લોકોને અલ્લાહ તઆલા તરફથી માર્ગદર્શન મળે છે. ઘણા બધા લોકોને અલ્લાહ તઆલાએ હઝરત મસીહ મૌઉદ અ.સ.ના યુગમાં પણ આપ અ.સ.ના જીવનમાં સ્વપ્ન દ્વારા માર્ગદર્શન આપ્યું. એક મજલિસમાં ચર્ચા થઈ કે લાહૌરથી એક વ્યકિતનો પત્ર આવ્યો છે કે તેના સ્વપ્નમાં હઝરત મસીહ મૌઉદ અ.સ.ના વિષયમાં જણાવ્યું છે કે આપ સાચા છો. તે વ્યકિતની શ્રધ્ધા એક ભિક્ષુક સાથે હતી જે દાતગંજના મકબરા પાસે રહેતો હતો. તે વ્યકિત એ તે ફકીરથી પૂછયું તો તેણે કહ્યું કે મિરઝા સાહેબની આટલા સમય સુધી પ્રગતિ થવી તેની સચ્ચાઈનો પ્રમાણ છે. પછી એક અન્ય મસ્ત ફકીર ત્યાં બેઠો હતો તેણે કહ્યું કે બાબા! મને પણ પુછી લેવા દો. બીજા દિવસે તેણે જણાવ્યું કે ખુદાએ કહ્યું કે મિરઝા મૌલા છે તો તેના પર પહેલા ફકીરે કહ્યુ મૌલા નહી મૌલાના કહ્યું હશે કે તે તારો અને મારો આપણા બધાનો મૌલા છે. હઝરત મસીહ મૌઉદ અ.સ.એ આ સાંભળી ફરમાવ્યું કે આજકાલ સ્વપ્ન ખુબ આવે છે, એવું લાગે છે કે અલ્લાહ તઆલા ચાહે છે કે લોકોને સ્વપ્ન દ્વારા સૂચના આપે, ખુદા તઆલાના ફરિશ્તાઓ દરેક બાજુ ફરે છે, તેઓ દિલોમાં નાખે છે કે માની લો, માની લો, પછી એક વ્યકિતનો હાલ બયાન ફરમાવ્યો જેણે હુઝુરના રદમાં પુસ્તક લખવાનો નિર્ણય લીધો તો સપનામાં આંહઝરત સ.અ.વ.એ તેને ફરમાવ્યું કે તુ તો રદ લખે છે અને વાસ્તવમાં મિરઝા સાહેબ સાચા છે. તો અલ્લાહ તઆલા નેક પ્રકૃતિ લોકોને અનુચિત કાર્યથી બચાવવા માટે પણ માર્ગ દર્શન કરે છે. આ ક્રમ જે હઝરત મસીહ મૌઉદ અ.સ.ના યુગથી શરૂ થયો હતો અને આજે પણ જારી છે, પવિત્ર પ્રકૃતિના લોકોની અલ્લાહ તઆલા રહમુમાઈ પણ કરે છે.

માલી આફ્રિકાના મુબલ્લિગ લખે છે કે મુસ્તુફા દિયાલુ સાહેબે એક દિવસ સપનામાં જોયું કે તેઓ જન્નતમાં એક સુંદર ઘરમાં છે. ઘરની એક બાજુ પાણી વહી રહ્યું છે જેમાં એક સફેદ રંગના બુઝુર્ગનો ચિત્ર છે જેમણે પાઘડી પહેરી છે. તેઓ કહે છે કે સપનાના થોડા સમય પછી તેઓ એક મિત્ર પાસે ગયા તો તેના ઘરે તે બુઝુર્ગનું ચિત્ર જોયું તેમણે તેના મિત્રથી તે ચિત્ર વાળા બુઝુર્ગ વિશે પૂછયું તો તેણે જણાવ્યું કે આ ઈમામ મહદી છે. આથી શ્રીમાન જી એ પોતાનો સ્વપ્ન સંભળાવ્યો તથા અહેમદિયત વિશે વધું જાણકારી માંગી. તેથી અહેમદી મિત્રએ કહ્યું કે આજે અમારો માસિક ઈજલાસ છે તમો મારી સાથે ચાલો, ત્યાં મુબલ્લિગથી દરેક પ્રકારના પ્રશ્નો પુછી શકો છો. અને આ રીતે તેઓ ઈજલાસમાં સામેલ થયા અને ઈજલાસ પછી અહેમદી થવાની ઘોષણા કરી.

તેવી જ રીતે યમનની એક મહિલા જમીલા સાહેબા બયાન કરે છે કે જમાઅત અહેમદિયા વિશે પહેલાથી જાણ હતી જ્યારે સઉદી અરબમાં હતી. ત્યાં હું સૂફી ઈઝમ તરફ થઈ ગઈ હતી અને હઝરત અબ્દુલ કાદીર જીલાનીના લેખો મને ખુબ પસંદ આવ્યા. તેમના બયાન કરેલ એકાંતના તરીકા અનુસાર રહી મને ખુબ જ શાંતિ મળતી હતી તથા રૂહાનીયતનો અનુભવ થતો. તેવા જ એકાંત અવસ્થાના દિવસોમાં એક

રાત્રે મેં સ્વપ્નમાં જોયું કે એક ચાંદ જેવો મોટો તારો જમીન પર નાઝિલ થયો તથા ધરતી પર ચાલી ફરી રહ્યો છે. અને પછી છતના માર્ગ તે અમારા ઘરમાં પણ દાખલ થઈ જાય છે. હું ભયભીત અને આશ્ચર્યમાં હતી કે મારી આંખ ખુલી ગઈ. થોડા દિવસો બાદ મેં એક બીજો સપના પાંચ તારા જોયા જે પંકિત બનાવી ધરતી પર ચાલી રહ્યા હતા પરંતુ પહેલા જોયો તે તારાથી આકારમાં નાના હતા. પછી જ્યારે એમ.ટી.એ.ના માધ્યમથી જમાઅત વિશે જણકારી મેળવી તો તેના વિષયમાં જાણની ઉત્સુકતા વધતી ગઈ. એમ ટી એ જોતા સમયથી જ મારા દિલમાં હઝરત ઈમામ મહદીનો પ્રેમ વધવા લાગ્યો અને મને આ વાતનો પુરે પુરો વિશ્વાસ થઈ ગયો કે આપ જ ઈમામુઝઝમાન છો. આમ મેં પ્રોગ્રામ અલહવારિલ અલમુબશિરમાં સાંભળ્યું કે હઝરત ઈમામ મહદીની સચ્ચાઈ માલૂમ કરનારે ઈસ્તિખારા કરી માર્ગ દર્શનની દુઆ કરવી જોઈએ. આથી જણાવ્યા અનુસાર, કહે છે મેં બે રકઅત નમાઝ અદા કરી અને સુઈ ગઈ. તેજ રાત્રે મેં સ્વપ્નમાં જોયું કે મકકતુલ મકર્રમામાં લોકોની ભીડમાં છું, લોકો પોતાના પગના પંજા પર ઊભા થઈ ગરદનો લાબી કરી ોક વ્યકિતને જોવાનો પ્રયાસ કર રહ્યા છે. એવામાં કોઈ ઊચા અવાજમાં કહે છે કે હે લોકો! તમારો ઈમામ આવી ગયો છે, હે લોકો! ઈમામ મહદી આવી ગયો છે. હું પણ તે દિશામાં જોવાનું શરૂ કરી દઉ છું. હઝરત ઈમામ મહદી અ.સ.એક ઉચા સ્થળે બધાની સામે જાહેર થઈ જાય છે. તેમનો ચહેરો બદર મુનીરની જેમ ચમકી રહ્યો હતો. આંખોમાં દર્દની સ્થિતિ હતી. જ્યારે મેં ધ્યાનથી તેમના ચહેરા તરફ જોયું તો તે બિલકુલ તે જ ઈમામ મહદી અને મસીહ મૌઉદનો ચહેરો હતો જેને મે એમટીએમાં જોયો હતો. આ જોતા જ મારી આંખોથી આંસું છલકાઈ ગયા અને હું જોર જોરથી રડવાનું શરૂ કરી દઉ છું. જ્યારે હું આ સપનું જોઈ રહી હતી તે સમયે મારા પતિ જાગી રહ્યા હતા. તેમણે મને ઉઠાડી પૂછયું કે તમે ખુબ દર્દ સાથે રડી રહ્યા હતા. હું જાગી ત્યારે મારી આંખોમાં આંસુ ભરેલ હતા. કહે છે કે તે સપના પછી મને વિશ્વાસ થઈ ગયો કે સત્ય આ જ છે કે આ વ્યકિત ઈમામુઝઝમાન છે. આ રીતે મેં તે ઈમામની બૈઅત કરવાનો નિર્ણય કર્યો. ફરમાવ્યું કે તે યમનની છે. બધા જાણે જ છે કે યમનની હાલત આજ કાલ કેટલી ખરાબ છે તથા સમુદ્રી અને હવાઈ માર્ગ પણ, પાડોશી દેશો, સઉદી અરબએ, તેમના બંધ કરી દીધા છે. આ પ્રકારની સહાયતાઓ ત્યા જવા પર પ્રતિબંધ છે. નિર્દોષ બાળકો મહિલાઓ ખાધ સામગ્રી ન હોવાના કારણે તથા ઉપચારની સુવિધાઓ ન હોવાના કારણે મૃત્યુ પામી રહ્યા છે. મુસલમાન મુસલમાનની હત્યા કરી રહી છે અને કારણ આજ છે કે આવનાર ઈમામ ને નથી માનતા. તેના માટે પણ દુઆ કરો, અલ્લાહ તઆલા તેમની પણ હાલતો સુધારે તથા સ્વતંત્રા અને સરળતાની સાંસ લેનાર બને. અલ્લાહ તઆલા તેમના પર રહેમ કરે.

હુઝુર અનવરે ફરમાવ્યું : અમુક નેક પ્રકૃતિ વાળા દિલથી અહેમદિયતને સાચુ સમજ્યા છતા પણ અમુક પરિસ્થિતિઓના કારણે બૈઅત નથી કરતા. અલ્લાહ તઆલા કેવી રીતે તેમને બૈઅત કરવા તરફ અને જમાઅતમાં સામેલ થવા તરફ ધ્યાન અપાવે છે. મિશ્રના એક મિત્ર મહમૂદ ગરીબ સાહેબ કહે છે કે નવ વર્ષ ની આયુથી હું સપનામાં રોબદાર અવાજ સાંભળતો હતો જેની ધ્વની મારા કાનોમાં ગંજતી રહેતી હતૈ હું તેને સમજી ન શકતો હતો પરંતુ તેને સાંભળી હું ડરી જતો હતો. પછી જ્યારે ૨૦૧૦માં મારો એમટીએથી અલ અરબીયાથી પરિચય થયો તો તેના પર શરીફ ઓદે સાહેબ અને અસદ મૂસા ઓદે સાહેબના અવાજમાં હઝરત મસીહ મૌઉદ અ.સ.ના અમુક ફકરાઓ સાંભળ્યા તો તરત જ સમજી ગયો કે આ જ તે અવાજ છે જે હું નવ વર્ષની આયુંથી પોતાના સપનામાં સાંભળતો હતો. આ રીતે એમટીએ અને અધિક ધ્યાન પૂર્વક જોવાનું શરૂ કર્યુ. ઝઝરત મસીહ મૌઉદ અ.સ.નો કલામ તથા આપના કસીદા મારા દિલ પર ગહેરો પ્રભાવ છોડી જતા. હું આંહઝરત સ.અ.વ.ના સુંદર ચહેરાને ધ્યાન કરતો તો હઝરત મસીહ મૌઉદ અ.સ.નું ચિત્ર મારી સામે આવી જતું. એક દિવસ હું એમટીએ જોઈ રહ્યો હતો અને સાથે જ હઝરત મસીહ મૌઉદ અ.સ.નો ચિત્ર પણ આવી રહ્યો હતો, મેં તેમને સંબોધિત કરી કહ્યું કે હું તને ખુદાની સોગંદ આપી કહું છું કે તમે જ મને જણાવો કે શું તમે પોતાના દાવામાં સાચા છો કે નહી? પછી તેઓ કહે છે કે હું કામ પર ચાલ્યો ગયો, સાંજે જ્યારે પાછો આવ્યો અને તરત જ એમટીએ ચાલું કર્યુ તો તેના પર હઝરત મસીહ મૌઉદ અ.સ.નો એક ઉદ્ધરણ આવી રહ્યો હતો કે હે મારી કોંમ, હું ખુદા તરફથી છું, હું ખુદા તરફથી છું અને હું મારા રબને સાક્ષી

રાખી કહું છું કે હું ખુદા તરફથી છું. આ સાંભળતા જ હું મારા ઘુટણો પર આવી ગયો અને ટીવી પર જ હુઝુર અ.સ.ના ચિત્રને ચુમતા અલૈકસ્સલામુ અલૈકસ્સલામ કહેવાનું શરૂ કરી દીધું આમ એક ક્ષણમાં અહેમદિયતમાં સામેલ થઈ ગયો અને મેં બૈઅત કરી લીધી.

ઉર્દુનના એક મિત્ર જમીલ ઝરાન સાહેબ કહે છે કે એક રાત્રે મેં સપનમાં જોયું કે રસ્તામાં એકલો ઉભો છું જે સીધો અને પાકકો છે. એટલામાં એક માર્ડન મર્સડીઝ કાર આવે છે તેમાં ડ્રાઈવર સાથેની સીટ પર એક વ્યકિત બેઠો છે જે મને કાર ચલાવવાનો નિર્દેશ આપે છે. હું ડ્રાઈવર સીટ પર બેસી ગયો મારા દિલમાં નાખ્યું કે હું ઈમામ મહદી અ.સ.ની સાથે બેઠો છું. મને ભય પણ લાગતો. ગાડી ચાલી તો રસ્તામાં સહસા ઘણા કાળા ચહેરા વાળા પ્રગટ થયા અને રસ્તાના બંને બાજુ પંકિત બનાવી ઉભા હતા. તેમની સાથે થોડા હથિયારો પણ હતા. પછી તેમણે અમારા પર ફાઈરિંગ કરી દીધી પરંતુ અમને કોઈ ગોળી ન વાગી તથા સુરક્ષિત પોતાની મંજીલ પર પહોચી ગયા. કહે છે કે સપનામાં જ હું ગાડી ઉભી કરૂ છું તો હઝરત ઈમામ મહદી અ.સ. મને ફરમાવે છે કે નીચે ઉતરો અને ગાડીની ડિકકી ખોલો. હું નિચે ઉતરીને ખોલું છું તો ત્યાં એક લાકડીનો સંદૂક હોય છે જેમાં એક પાંચ વર્ષનો બાળક હોય છે જે ખુબ જ સુંદર હોય છે. તે બાળક મને જોવા લાગે છે. જ્યારે હું જાગ્યો તો સપનાથી ખુબ જ પ્રસન્ન હતો અને દિલમાં કહ્યું કે નિઃસંદેહ આ ખુદા તઆલા તરફથી કોઈ સંદેશ છે. મને આ સ્વપ્નફળ લાગ્યું કે નવી ગાડીનો અર્થ જીવનની નવી યાત્રા છે, કાળા ચહેરા વાળા જે અમારા પર ફાઈરિંગ કરતા હતો તેનો અર્થ આ નવી યાત્રામાં દુશ્મની થશે જેનો કોઈ પ્રભાવ ન થશે અને સુંદર બોકસમાં ભેદ સુરક્ષિત રાખવામાં આવે છે અને પાંચ વર્ષના બાળકનો અર્થ અમુક શુભ સૂચનાઓ છે જે પાંચ વર્ષમાં પુરી થશે. કહે છે કે આશ્ચર્યની વાત એ છે કે અહેમદિયા જમાઅતથી પરિચય પછી મારા જીવનની નવી યાત્રા શરૂ થઈ ગઈ તથા પાંચમી ખિલાફતના સમયમાં મને જમાઅતમાં સામેલ થવાનો સૌભાગ્ય પ્રાપ્ત થયો. કહે છે કે હું મારા ગામમાં એકલો અહેમદી હતો તથા જેવું જ મેં ઈમામ મહેદીના આગમન વિશે જણાવ્યું, મારા પોતાના તથા અન્ય લોકો મારા દુશ્મન થઈ ગયા. મસ્જિદોમાંથી મારા કાફિર હોવાના ફત્વા નિકળવા લાગ્યા પછી મેં ખુદા તઆલાથી દુઆ માંગી કે આ યાત્રાને પુરી કરવા માટે મને સાથી પ્રદાન કર તો ખુદા તઆલાએ મને એવા નેક અને સારા સાથી આપ્યા જેમને હું ઓળખતો પણ ન હતો અને તે જ મારા વાસ્તવિક સગા સંબંધી બન્યા.

પછી એક મિત્ર છે મુહમ્મદ અબ્દુલ્લાહ સાહેબ જે સીરિયાના છે, આજ કાલ કેનેડામાં રહે છે. કહે છે કે હું એક સેલ્સ મેનની નોકરી કરતો હતો. મારા ગ્રાહકોમાંથી એક વ્યકિતના છોકરા સાથે મારો પરિચય થયો, તે નવજુવાન અહેમદી હતો. તેની સાથે સંપર્ક વધ્યો તો તેણે મને અહેમદિયત વિશે જણાવ્યું. તેણે મને ઇસ્લામી શિક્ષણની વાસ્તવિકતા પુસ્તકનું અરબી અનુવાદ આપ્યું. હું તે પુસ્તક વાંચી ખુબ પ્રભાવિત થયો પછી લગભગ એક વર્ષ સુધી હું જમાઅતના વિભિન્ન પુસ્તકો વાંચતો રહ્યો તથા એમટીએ અલ અરબીયા પણ જોતો રહ્યો. એક વર્ષના અધ્યયન તથા એમટીએ જોવાથી તથા જમાઅતની આસ્થાઓની તુલના કર્યા પછી મારા દિલમાં અહેમદિયા જમાઅતમાં સામેલ થવાની ઈચ્છા જાગી. મેં ઈસ્તિખારા કરવાનું શરૂ કર્યું, થોડા દિવસો પછી આવનાર એક રાત મારા માટે લૈલતુલ કદ્ર સાબિત થઈ જેમાં મેં એક અત્યંત શુભ સપનુ જોયું. મેં મારા એક નેક અને સજ્જન સગાને સપનામાં જોયો, તેણે મને એક પત્ર આપતા જણાવ્યું કે આ રસૂલુલ્લાહ સ.અ.વ. તરફથી છે. તેમાં લખ્યુ હતુ, અસ્સલામો અલૈકુમ વ રહેમતુલ્લાહિ વ બરકાતુહ, હું જાગ્યો તો ખુબ પ્રસન્ન થયો તથા મારા મોઢે આ આયત જારી હતી કે તેમાં સલામતી સાથે અને વગર ભયે સામેલ થઈ જાઓ. ખ્હે છે કે જમાઅતમાં દાખલ થવા માટે એક સ્પષ્ટ સંદેશ હતો, મને વિશ્વાસ હતો કે આ મારા ઈસ્તિખારાનો જવાબ છે અને આ રીતે મેં બૈઅત કરી લીધી.

પછી એક મહિલા છે સીરિયાની, તે કહે છે કે અહેમદિયત વિશે જાણ્યા પહેલા હું અને મારી બહેન એક જમાઅતને સાચી સમજીને તેમાં સામેલ થઈ ગઈ પરંતુ પછી અમને માલૂમ થયું કે આ જમાઅતે તો શરિઅતના નામે પોતાની જ શરિઅત બનાવી છે. ત્યાર પછી મેં ખુદા તઆલાને રડી રડીને દુઆ કરી તથા નિવેદન કર્યુ કે યા ખુદાયા મને જણાવ કે આજે તારો સાચો ધર્મ કયાં છે તથા આજે કઈ જમાઅતને તારૂ

સમર્થન પ્રાપ્ત છે. એવી અવસ્થામાં મેં જોયું કે એક વ્યકિત મારી સાથે આવીને ઉભો થઈ ગયો છે તથા તે અવસ્થામાં જ મને આ અનુભવ થયો કે તે મારી સાથે સહાનુભૂતિ માટે આવ્યો છે. મેં તેને જોઈ દિલમાં કહ્યું કે આ વ્યકિત કોણ છે ? પરંતુ મને તેનો કોઈ જવાબ ન મળ્યો. પછી બીજા દિવસે હું ખુબ રડી અને મને હિચકી ચાલુ થઈ ગઈ અને મેં ફરીથી તે વ્યકિતને મારી સાથે જોયો. ત્રીજી વાર પણ તેવું જ થયુ તો મેં ઉચ્ચ સ્વરમાં અલ્લાહ તઆલા સમક્ષ આ નિવેદન કર્યુ કે ખુદાયા મને જણાવ કે આ સહાનુભૂતિ કરનાર વ્યકિત કોણ છે અને વારંવાર મને કેમ દેખાય છે. આ સવાલનો જવાબ કહે છે કે મને થોડા સમય પછી મળ્યો. મેં એક વિચિત્ર સપનું જોયું જેણે મારી કાયા પલટાઈ નાખી. મેં જોયું કે હું એક મોત મેદાનમાં છું એવામાં કેટલાક લોકો એક કારમાં આવે છે જેના છત પર સૈટલાઈટ ડિશ લાગેલ છે. તેમની કાર મેદાનની વચ્ચે જઈ રોકાઈ જાય છે તથા તેમાંથી કેટલાક લોકો સામાન કાઢી જમીન પર મુકે છે. તેમાંથી એક વ્યકિતએ અરબી પોષાક પહેર્યા છે તથા તેનો ચહેરો રોશન છે. તે વ્યકિત મેદાનની વચ્ચેથી મારી સામે આવી ઉભો થઈ ગયો અને મને કહે છે કે બહેન તમે અહીયા શું કરો છો ? હું જવાબ આપવાને બદલે તેને સવાલ કરૂ છું કે આપ લોકો અહિયા શું કરી રહ્યા છો. તે કહે છે કે અમે નવું ટીવી ચેનલ ખોલવા લાગ્યા છીએ, શું તમે જોશો. હું કહું છું કેમ નહી હું અવશ્ય જોઈશ. આ વાત ચીત પછી કહે છે કે મારી આંખ ખુલી ગઈ. બીજા દિવસે હું ટીવી લઈને આવી તથા થોડા સમયમાં જ બધુ સેટ કરી લીધું. છોનલો જોતા જોતા મને અનુભવ થયો કે એક ચેનલ બધાથી અલગ છે. આ જ કારણ હતુ કે શેષ અન્ય ચેનલોને છોડી તેને જોવા લાગી. આ ચેનલ એમટીએ હતુ તથા તે સમયે તેના પર પ્રોગ્રમ અલહવાર ચાલી રહ્યુ હતુ. તે પ્રોગ્રામ જોતા સમયે વારંવાર મારી નજર પ્રોગ્રામના સંચાલક તરફ જતી હતી તથા મને ધ્યાનમાં આવતું કે મેં તેમને કયાંક જોયા છે. મને યાદ આવ્યું કે આ તો તે જ વ્યકિત છે જેને સપનામાં મોટા મેદાનમાં સૈટલાઈટ ચોનલ ખોલતા જોયા હતા. એક દિવસ હું તેમનો પ્રોગ્રામ જોઈ રહી હતી કે તેમાં ઈમામ મહદી અને મસીહ મૌઉદ અ.સ.ના શબ્દો સાંભળી તરત જ આકર્ષિત થઈ ગઈ. એટલામાં એક ચિત્ર ટીવી ની સ્ક્રીન પર આવ્યું અને તેની નિચે ઈમામ મહદી અને મસીહ મૌઉદ શબ્દો અંકિત હતા, મારી જિજ્ઞાસા અધિક વધી, એટલામાં ઈમામ મહદીના કલામથી થોડા અંશ પેશ કરવામાં આવ્યા. પહેલી પંકિતથી મારી કાયા પલટાઈ ગઈ જેમાં લખ્યું હતું ખુદાની સોગંદ હું ખુદા તરફથી આવ્યો છું ન કે મેં કોઈ જૂઠ ઘડયુ છે, નિ:સંદેહ આ વ્યકિત પોતાના દાવામાં સાચો છે તથા આ જ ઈમામ મહદી અને મસીહ મૌઉદ છે. ઉદ્ધરણ વચ્ચે જ જ્યારે ફરીથી હઝરત મસીહ મૌઉદ અ.સ.નો ચિત્ર બતાવ્યો તો અબકી બાર તેને જોઈ હું ત્યાં જ ચકિત થઈ ગઈ, કેમકે આ તે જ વ્યકિત હતો જેને હું સ્વપ્નમાં જોઈ ચુકી હતી. જ્યારે મેં ખુદા તઆલાને રડી રડીને દુઆ કરી હતી અને નિવેદબ કયું હતું કે આજે તારો સાચો ધર્મ કયાં છે અને કઈ જમાઅતને તારો સમર્થન પ્રાપ્ત છે તો આ જ વ્યકિત મારી સહાનુભૂતિ માટે આવ્યો હતો અને તેને જોઈ મેં મારા દિલમાં કહ્યું હતું કે ન જાણે આ કોણ વ્યકિત છે. હવે ટીવી પર તે જ વ્યકિત જોઈ મને મારો સ્વપ્ન અને તેનો ફળ પણ સમજાઈ ગયું. ખુદા તઆલાએ તે સ્મયે પણ મને જણાવ્યું હતું કે આ જ વ્યકિત છે જેની જમાઅતને ખુદાઈ સમર્થન પ્રાપ્ત છે અને આ જ ખુદા તઆલાના સાચા ધર્મની પ્રતિનિધિ જમાઅત છે. કહે છે કે મેં રડતા રડતા આ ચિત્રને સંબોધિત કરતાં કહ્યું કે આ જે તુ જ ઈસ્લામનો બચાવ કરી રહ્યો છે, તુ ઈસ્લામના વિરોધને તોડી રહ્યો છે, તુ સાચો મસીહ વ મહદી છે, હું તારી પુષ્ટી કરૂ છું, હું તારી બૈઅત કરૂ છું. જ્યારે કે મને તે સમયે જાણ પણ ન હતી કે હઝરત મસીહ મૌઉદ અ.સ.ની બૈઅત કરવી જરૂરી છે. મેં મારા નિકટના લોકોને આ ચેનલ અને જમાઅત વિશે જણાવ્યું તો અધિકતર લોકોએ મારી વાત ગંભીરતાથી ન લીધી જ્યારે કે મારી બહેન અને ખાલાએ થોડા સમય સુધી એમટીએ જોયા પછી બૈઅત કરવાનો નિર્ણય કર્યો તથા પછી મારી માતા, ભાઈ અણે અન્ય બે બહેનોએ પણ બૈઅત કરી લીધી. અલ્લાહ તઆલા આ નવા આવનારના ઈમાન અને વિશ્વાસમાં ઉન્નતિ પણ અતા ફરમાવે શ્રધ્ધા અને નિષ્ઠામાં વધારે અને આપણે જે પહેલા અહેમદી છીએ, આપણને પણ નિષ્ઠા અને ઈમાનમાં વધારે. આમીન.

| Khulasa Khutba Jumma Huzoor Anwar 24 November 2017 |
|---|
| BOOK POST (Printed Matter)<br><br>To.........................................................................................................<br>.........................................................................................................<br>.........................................................................................................<br><br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT. |